# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-03-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

*****************************************************

1) સંસદમાં રેલવે સુધારા ખરડો 2024 અને લોકસભામાં વહાણ માલસામાનને લગતો ખરડો પસાર
2) સરકારે વર્તમાન નાણાકીય વર્ષમાં 51 હજાર 462 કરોડ રૂપિયા વધુ ખર્ચ કરવા સંસદ પાસે મંજૂરી માગી
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ મોરિશિયસના પ્રવાસે
4) ઉત્તર રેલવે દ્વારા હોળીના પર્વ નિમિત્તે 400થી વધુ વિશેષ ટ્રેન દોડાવવાનું આયોજન
5) મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# RS RAILWAY AMAENDMENT BILL

સંસદે આજે રેલવે સુધારા ખરડો 2024 પસાર કર્યું છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે રાજ્યસભામાં ચર્ચા અને પસાર કરાવવા આ ખરડો રજૂ કર્યો હતો, જેને રાજ્યસભાએ મંજૂરી આપી છે. આ ખરડામાં રેલવે અધિનિયમ 1989માં સુધારા કરી અને રેલવે બૉર્ડની શક્તિને વધારવા, કાર્યપ્રણાલી તેમ જ સ્વતંત્રતા વધારવાની જોગવાઈ છે. લોકસભા દ્વારા પહેલા જ આ ખરડાને મંજૂરી અપાઈ છે.

**(બાઈટઃ અશ્વિની વૈષ્ણવ, કેન્દ્રીય રેલવેમંત્રી)**

બીજી તરફ કૉંગ્રેસના વિવેક તન્ખાએ ચર્ચા શરૂ કરતા કહ્યું, રેલવેના વિકાસ માટે રેલવે બૉર્ડને સંપૂર્ણ સ્વાયતત્તા આપવી જરૂરી છે. રેલવે-એ એક પારદર્શક સંગઠન બનાવવું જોઈએ તેમ પણ કહ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના સુભાષ બરાલાએ ખરડાનું સમર્થન કરતાં કહ્યું, આ ખરડાનો ઉદ્દેશ રેલવેના વહીવટી કામને વધુ યોગ્ય, પારદર્શક અને જવાબદાર બનાવવાનો છે.

બીજી તરફ વહાણ માલસામાનને લગતો ખરડો, 2024 આજે લોકસભામાં પસાર થયો. આ ખરડો ભારતીય શિપિંગ અધિનિયમ, 1856નું સ્થાન લેશે, જે શિપમેન્ટના પ્રકાશન માટે કાયદાકીય માળખું પૂરું પાડે છે. બિલ ઓફ લેડિંગ એ માલવાહક દ્વારા શિપરને જારી કરાયેલો દસ્તાવેજ છે. તેમાં માલના પ્રકાર, જથ્થો, સ્થિતિ સહિતની વિગતો સામેલ છે. કાયદામાં જણાવાયું છે કે બિલ ઓફ લેડિંગ એ માલ બોર્ડ પર હોવાનો નિર્ણાયક પુરાવો છે.

...............

## PREZ BRAHMA KUMARIES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, આધ્યાત્મિક શાંતિને ઘણી વાર સમાજથી દૂર રહેવાની અને મૌન રહેવાની સ્થિતિ તરીકે ગેરસમજ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે, જોકે, તેનો યોગ્ય ઉપયોગ એકલતામાં નથી, પરંતુ સ્વસ્થ, મજબૂત અને સમૃદ્ધ સમાજ અને રાષ્ટ્રના વિકાસને પ્રોત્સાહન આપવામાં છે. સુશ્રી મુર્મૂએ હરિયાણાના હિસાર ખાતે બ્રહ્માકુમારીઝનાં સુવર્ણજયંતિ સમારોહને સંબોધિત કરી રહ્યાં હતાં.

**(બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)**

. . . . . . . . . . . . . . . .

## PREZ PUNJAB VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી પંજાબ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢનાં બે દિવસના પ્રવાસે રહેશે. સુશ્રી મુર્મૂ બઠિંડામાં પંજાબ કેન્દ્રીય વિશ્વ-વિદ્યાલય અને અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનના બે પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમોમાં પંજાબના રાજ્યપાલ ગુલાબચંદ કટારિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . . . . .

## LS SUPPLEMENT DEMAND FOR GRANTS

સરકારે પ્રવર્તમાન નાણાકીય વર્ષમાં 51 હજાર 462 કરોડ રૂપિયા વધુ ખર્ચ કરવા માટે સંસદ પાસે મંજૂરી માગી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે લોકસભાના બીજા તબક્કાના અનુદાન માટેની પૂરક માગ રજૂ કરી હતી. સરકાર દ્વારા માગવામાં આવેલો વધારાનો ખર્ચ છ લાખ 78 હજાર 508 કરોડ રૂપિયાથી વધુ છે. આ ખર્ચમાં ખાતર સબસિડી માટે 12 હજાર કરોડ રૂપિયા અને સરકારી કર્મચારીઓ માટે પેન્શન યોજના સહિત સરકારી કર્મચારીઓ માટે પેન્શન માટે 13 હજાર 449 કરોડ રૂપિયા સામેલ છે. કુલ ખર્ચમાં સંરક્ષણ પેન્શન માટે આઠ હજાર 476 કરોડ રૂપિયા અને દૂરસંચાર વિભાગને પાંચ હજાર 322 કરોડ રૂપિયાનો પણ સમાવેશ થાય છે.

કેન્દ્રીય સહાય અંતર્ગત વધારાના ખર્ચને પૂરા કરવા જમ્મુ અને કાશ્મીર માટે ત્રણ હજાર 722 કરોડ રૂપિયાથી વધુની માગણી કરવામાં આવી છે. જ્યારે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયના વધારાના ખર્ચને પહોંચી વળવા માટે એક હજાર કરોડ રૂપિયાની માગ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

## PM MAURITIUS VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ મોરિશિયસના પ્રવાસે રહેશે. શ્રી મોદી મોરિશિયસના રાષ્ટ્રીય દિવસ

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. પ્રવાસ દરમિયાન શ્રી મોદી સામૂહિક કાર્યક્રમમાં પણ ભાગ લેશે.

મોરિશિયસમાં સંસ્કૃત વિદ્યાલય ચલાવનારાં સવિતા તિવારીએ શ્રી મોદીનો પ્રવાસ બંને દેશના સંબંધ માટે સીમાચિહ્ન સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મોરિશિયસમાં રહેતા ભારતીય મૂળના લોકો પણ શ્રી મોદીના આગમનની રાહ જોઈ રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું.

**(બાઈટઃ સવિતા તિવારી, સંસ્કૃત વિદ્યાલય)**

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## PM CISF

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય ઔદ્યોગિક સલામત દળ- C.I.S.F.ના સ્થાપના દિવસ નિમિત્તે તમામ કર્મચારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, C.I.S.F.ની

કાર્યક્ષમતા, સમર્પણ અને હિંમત પ્રશંસનીય છે. તેમણે કહ્યું, C.I.S.F. દરરોજ અસંખ્ય લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરીને દેશની સુરક્ષા વ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શ્રી મોદીએ ફરજ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા માટે CISFની પણ પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . . . . .

## NORTHERN RAILWAY SPECIAL TRAINS

ઉત્તર રેલવે દ્વારા હોળીના પર્વ નિમિત્તે પ્રવાસીઓની સુવિધા માટે 400થી વધુ વિશેષ ટ્રેન દોડાવવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં આજે ઉત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી હિમાંશુ શેખર ઉપાધ્યાયે જણાવ્યું, પ્રવાસીઓની સુવિધા માટેની વ્યાપક વ્યવસ્થા કરવામાં આવી છે.

(બાઈટઃ હિમાંશું શેખર ઉપાધ્યાય, રેલવે PRO)

. . . . . . . . . . . . . . . .

## WPL CRICKET

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગ- W.P.L.માં આજે ગુજરાત જાયન્ટ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મૅચ રમાઈ રહી છે. મુંબઈમાં રમાતી આ મૅચમાં ગુજરાત જાયન્ટ્સે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

હાલમાં મળતા અહેવાલ મુજબ, મુંબઇ ઇન્ડિયન્સે 5.4 ઑવરમાં 1 વિકેટે 44 રન બનાવ્યા છે. જો કે, બંને ટીમે પહેલાથી જ દિલ્હી કૅપિટલ્સ સાથે પ્લેઑફમાં જગ્યા બનાવી લીધી છે. આજની આ મૅચમાં ટૂર્નામૅન્ટના પહેલા ફાઈનલિસ્ટ નક્કી થઈ શકે છે.

. . . . . . . . . . . . . . . .

## LS WORKER

સરકારે જણાવ્યું કે, ઇ-શ્રમ પૉર્ટલ પર 30 કરોડ 68 લાખથી વધુ અસંગઠિત શ્રમિકની નોંધણી થઈ છે. અસંગઠિત શ્રમિકોનો એક વ્યાપક રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા વર્ષ 2021માં આ પૉર્ટલ શરૂ કરાયું હતું. લોકસભામાં આજે શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી શોભા કરંદલાજેએ કહ્યું, કુલ નોંધાયેલા શ્રમિકોમાંથી 53 ટકાથી વધુ મહિલાઓ છે.

તેમણે કહ્યું, અત્યાર સુધી વિવિધ કેન્દ્રીય મંત્રાલયો અને વિભાગોની 13 યોજનાને ઈ-શ્રમ સાથે સંકલિત કરવામાં આવી છે. આમાં પીએમ સ્વનિધિ, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવનજ્યોતિ બીમા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અને આયૂષ્માન ભારત- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સામેલ છે.

. . . . . . . . . . . . . . . .

## RUSSIA BRITAIN DIPLOMATS

રશિયાએ આજે 2 બ્રિટિશ રાજદ્વારીઓ પર જાસૂસીના આક્ષેપ લગાવતા તેમને બે સપ્તાહમાં દેશ છોડવાનો આદેશ આપ્યો છે. રશિયાની સમવાયી સલામત સેવા- FSBએ રાજદ્વારીઓ પર ખોટી વ્યક્તિગત માહિતી રજૂ કરવા અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમ પહોંચાડનારી પ્રવૃત્તિઓમાં સામેલ થવાનો આક્ષેપ લગાવ્યો છે, પરંતુ તેમની સામેના કોઈ પૂરાવા ન આપ્યા.

રશિયાના વિદેશ મંત્રાલયે બ્રિટિશ રાજદૂત ભવનના એક અધિકારીને સમન આપ્યું અને કહ્યું, તેઓ પોતાના વિસ્તારમાં ‘અઘોષિત બ્રિટિશ ગુપ્તચર અધિકારીઓ’ને સહન ન કરી શકે.

યુક્રેન પર વધતા તણાવ વચ્ચે અગાઉના હકાલપટ્ટીને પગલે આ પગલું લેવાયું છે. વર્ષ 2022થી રશિયા અને પશ્ચિમી દેશો વચ્ચે અનેક રાજદ્વારીઓને હાંકી કઢાયા છે.

................